# સાત રાજ્યપાલો બદલાવાના ભણકારા



## ઉત્તરપ્રદેશના રાજ્યપાલ જોશીનું રાજીનામું : આલવા મોદીને મળ્યા

નવી દિલ્હી,તા.૧૭

ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બીએલ જોશીએ આજે તેમના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. જોશીએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને તેમનું રાજીનામું મોકલી દીધું છે. મોદી સરકાર રાજીનામું આપી દેવા અગાઉની યુપીએ સરકાર દ્વારા નિમવામાં આવેલા સાત રાજ્યપાલોને સુચના આપી ચુકી છે તેવા અહેવાલ વચ્ચે બીએલ જોશીએ રાજીનામું આપ્યું છે. દરમિયાન રાજસ્થાનના રાજ્યપાલ માર્ગારેટ આલવા આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી. અગાઉની યુપીએ સરકાર દ્વારા નિમવામાં આવેલા રાજ્યપાલોને બદલવામાં આવનાર છે. તેવા અહેવાલ વચ્ચે આલવા પણ મોદીને મળ્યા હતા. પીએમઓ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, મોદી સાથે આલવાની બેઠકના સંદર્ભમાં વધુ કોઈ માહિતી મળી શકી નથી. આલવાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે પણ વાતચીતની ઈચ્છા વ્યક્ત કરી છે. સુત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય ગૃહ સચિવ અનિલ ગોસ્વામી સાત રાજ્યપાલો સાથે ફોન પર વાતચીત કરી ચુક્યા છે અને સુચન કરી ચુક્યા છે કે, તેઓ તેમના રાજીનામા આપી દે. જે સાત રાજ્યોના રાજ્યપાલોને રાજીનામું આપી દેવા કહેવામાં આવ્યું છે તેમાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ એમકે નારાયણન, કેરળના રાજ્યપાલ શીલા દીક્ષિત, રાજસ્થાનના રાજ્યપાલ માર્ગારેટ આલવા, ગુજરાતના રાજ્યપાલ કમલા બેનીવાલ, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બીએલ જોશી, મહારાષ્ટ્રના રાજ્યપાલ કે શંકર નારાયણ અને ત્રિપુરાના રાજ્યપાલ દેવેન્દ્ર કવરનો સમાવેશ થાય છે. યુપીએ દ્વારા નિમવામાં આવેલા ત્રણ રાજ્યપાલો રાષ્ટ્રપતિને મળનાર છે. કેરળના રાજ્યપાલ શીલા દીક્ષિતે આ મુદ્દે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે અને કહ્યું છે કે, અહેવાલો ટીવી ચેનલ મારફતે આવ્યા છે. બીજી બાજુ અહેવાલમાં જણાવાયું છે કે, કેન્દ્રમાં સરકાર બદલાયા બાદ રાજ્યપાલોમાં ફેરફારની બાબત સામાન્ય પ્રક્રિયાના ભાગરૂપે છે. નવી કેન્દ્ર સરકાર હવે આ જ દિશામાં આગળ વધી રહી છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ આજે કહ્યું હતું કે,રાજ્યપાલોએ તેમની પોતાની રીતે રાજીનામું આપી દેવું જોઈએ. કારણકે તેમની નિમણૂંક મેરીટ વગર હતી. આ રાજ્યપાલોએ પોતાની રીતે રાજીનામું આપી દઈને ગુંચવણ ટાળવી જોઈએ. આ તમામ લોકોની નિમણૂંક કરાઈ હતી કારણકે તેઓ સોનિયા ગાંધીના દરબારમાં બેઠા હતા અને સોનિયા ગાંધી સાથે નજીકના સંબંધ હતા. મેરીટ ઉપર આવવા માટે અન્ય કોઈ કારણ નથી. બીજી બાજુ કોંગ્રેસે રાજ્યપાલોને બદલવાના અહેવાલ અંગે આકરી પ્રતિક્રિયા કરી છે.એનડીએ સરકાર પણ યુપીએ સરકાર દ્વારા બેસાડવામાં આવેલા દાખલાની દિશામાં આગળ વધી રહી છે.૨૦૦૪માં યુપીએ સરકાર સત્તામાં આવ્યા બાદ ભાજપ દ્વારા નિમવામાં આવેલા રાજ્યપાલોને બદલી નાંખ્યા હતા. જેમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ વિષ્ણુકાંત શાસ્ત્રી, ગુજરાતના રાજ્યપાલ કૈલાસપતિ મિશ્રા, હરિયાણાના રાજ્યપાલ બાબુ પરમાનંદ અને ગોવાના રાજ્યપાલ કેદારનાથ સાહનીનો સમાવેશ થાય છે.

## ડોલરની સામે રૂપિયો ૬૦.૦૩ની સપાટીએ

મુંબઈ, તા.૧૭

ડોલર સામે રૂપિયો આજે ૬૦.૦૩ની સપાટીએ રહ્યો હતો. સોમવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૦.૧૫ની સપાટીએ રહ્યો હતો. ઈરાક કટોકટીને લઈને તેના ઉપર અસર થઈ રહી છે. સતત બે દિવસ સુધી ડોલર સામે રૂપિયામાં ઘટાડો થયા બાદ આજે આમા સ્થિરતા જોવા મળી હતી. બે મહિનાની નીચી સપાટીથી રિકવર થઈને રૂપિયો આજે ૬૦.૦૩ના સ્તર ઉપર રહ્યો હતો. સરકારી બેંકો અને આરબીઆઈ દ્વારા ખાતરી આપવામાં આવ્યા બાદ રૂપિયામાં સ્થિરતા આવી છે. વિદેશી બેંકો દ્વારા નિકાસકારો તરફથી ડોલરનું વેચાણ કરી રહ્યા છે. જેના લીધે રૂપિયામાં તેજી આવી હતી. કારોબારીઓનું કહેવું છે કે, આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન કહી ચુક્યા છે કે, ઈરાક પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. અનિશ્ચિતાના પરિણામ વચ્ચે પણ ભારતીય અર્થતંત્ર પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે. રૂપિયો ૨૯મી એપ્રિલના દિવસે છેલ્લે ૬૦.૫૫ની સપાટીએ રહ્યો હતો. રિઝર્વ બેંક દ્વારા ડોલરનું વેચાણ સરકારી બેંકો મારફતે કરાઈ રહ્યું છે. રાષ્ટ્રીયકૃત બેંકોએ ઉંચી સપાટીએ ડોલરનું વેચાણ કર્યું છે. આજે દિવસમાં રૂપિયો મજબુતી સાથે રહ્યો હતો. ઓઈલની કિંમતોમાં ઉથલપાથલની સ્થિતિ જોવા મળી રહી છે. ઈરાન અને પશ્ચિમ વચ્ચેના સંબંધો ફરી એકવાર વણસી રહ્યા છે. આ અહેવાલ વચ્ચે રૂપિયામાં ઉતાર ચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે.

## મોદી સરકાર કેબિનેટનું વિસ્તરણ કરશે

નવી દિલ્હી,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં પ્રધાન મંડળનું વિસ્તરણ કરીને કેટલાક નવા ચહેરાઓને સામેલ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. પહેલા જે ભાજપના નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન મળી શક્યું નહતું તે સભ્યોને આ દોરમાં સ્થાન મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુત્રોનું કહેવું છે કે, જે રાજ્યોમાંથી મંત્રીમંડળમાં પ્રતિનિધિત્વ અપાયું ન હતું તે રાજ્યોના સભ્યોને સ્થાન આપવામાં આવી શકે છે. આ સપ્તાહમાં અથવા તો આગામી સપ્તાહમાં કેન્દ્રીય કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુત્રોનું કહેવું છે કે, એનડીએના કેટલાક સાથીપક્ષોએ પણ સ્થાન ન મળતા નારાજગી દર્શાવી હતી. જેને દૂર કરવા હવે મોદી સરકાર આગળ વધે તેવી શક્યતા છે. આ રાજકીયપક્ષોના પ્રતિનિધિઓને પણ સ્થાન મળી શકે છે. નવા



રાજ્યપાલોની નિમણૂંકની બાબત આગળ વધી રહી છે. બીજી બાજુ ભાજપ પ્રમુખની નિમણૂંકને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. ભાજપ પ્રમુખ પદ માટે મોદીના સૌથી વિશ્વાસુ અમિત શાહ સૌથી પ્રબળ દાવેદાર દેખાઈ રહ્યા છે. પાર્ટીના નેતૃત્વ અને આરએસએસ વચ્ચે વાતચીત થઈ ચુકી છે. મંત્રી મંડળ વિસ્તરણમાં ૨૦થી વધારે નવા પ્રધાનોને સામેલ કરવામાં આવી શકે છે.

પોતાના નામ જાહેર નહીં કરવાની શરતે એક મંત્રીએ કહ્યું છે કે, મહારાષ્ટ્ર અને બિહારમાંથી વધારે પ્રમાણમાં સભ્યોને પ્રધાન બનાવવામાં આવી શકે છે કારણકે આ રાજ્યોમાં થોડાક મહિના બાદ જ વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. પાર્ટી બંગાળમાં પણ પોતાની શક્યતા નિહાળી રહી છે. આ ઉપરાંત ઝારખંડ અને છત્તીસગઢના નેતાઓને પણ તક મળી શકે છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભાજપને સારી બેઠકો મળી છે. રાજીવ પ્રતાપરુડી, મુખ્તાર અબ્બાસ નકવી, મુરલી મનોહર જોશી અને અન્યોને મોટી જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. અરૂણ સોરીને પણ મહત્વપૂર્ણ હોદ્દો મળી શકે છે. ગોપીનાથ મુંડેના મોત બાદ મહારાષ્ટ્રમાંથી જ અન્ય કોઈ નેતાને સરકારમાં સામેલ કરવામાં આવી શકે છે. મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર જેવા રાજ્યોમાં રાજ્યપાલો બદલવામાં આવી શકે છે.

## જયલલિતા સામે ટ્રાયલ પર સ્ટે મુકવાનો ઈનકાર

નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે અપ્રમાણ સંપત્તિ કેસમાં ટ્રાયલ ઉપર સ્ટે મુકવાની માંગણી કરીને તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને આજે ફગાવી દીધી હતી. જ્યાં સુધી બેંગલોરની અદાલત સંપત્તિની માલિકીના સંદર્ભમાં નિર્ણય ન કરે ત્યાં સુધી ટ્રાયલ ઉપર સ્ટે મુકવાની માંગણી કરીને કરવામાં આવેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. જયલલિતાને



આની સાથે જ ફટકો પડ્યો છે.

મુખ્યમંત્રીના સમર્થકોને પણ આના લીધે ફટકો પડ્યો હતો. જસ્ટીસ વિક્રમજીત સેન અને જસ્ટીસ શિવ કિર્તીસિંહની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, કોઈપણ મેરીટની સ્થિતિ દેખાઈ રહી નથી. જયલલિતા આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસનો સામનો કરી રહી છે. ૬૬ કરોડ રૂપિયાના અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતા સામે સકંજો મજબૂત કરાયો છે. જયલલિતા ઉપરાંત આ કેસમાં વીકે શશીકલા, વીએન સુધાકરણ પણ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. અપ્રમાણ સંપત્તિ કેસમાં ટ્રાયલ વર્ષ ૨૦૧૦ બાદથી બેંગલોરમાં ખાસ અદાલતમાં ચાલી રહી છે. ડીએમકે સરકારે ૧૯૯૬માં એ વખતે કેસ દાખલ કર્યો હતો. મુખ્યમંત્રી તરીકે જયલલિતા સત્તાથી દૂર થયા બાદ ૧૯૯૬માં સત્તામાં આવેલી ડીએમકે સરકાર દ્વારા આ કેસ દાખલ કરાયો હતો. ૨૬મી મેના દિવસે સુપ્રીમ કોર્ટે છઠ્ઠી જુન સુધી આ કેસમાં ટ્રાયલ ઉપર સ્ટે મુકી દીધો હતો.

## ટીસીએસ દુનિયાની બીજી સૌથી મોટી ટેક કંપની થશે

બેંગલોર, તા.૧૭

ટીસીએસ ટેકનોલોજીના ક્ષેત્રમાં વિશ્વની ત્રીજી સૌથી વધુ કર્મચારીઓ ધરાવતી કંપની બની ગઈ છે. ટીસીએસે તેની યશકલગીમાં વધુ એક મોરપીછુ ઉમેરી લીધુ છે.ટીસીએસમાં હવે ત્રણ લાખથી પણ વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા છે. તેમાં કર્મચારીઓની સંખ્યાને હજુ પણ વધારવામાં આવી રહી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વર્ષે તે બીજી સૌથી મોટી કર્મચારીઓની સંખ્યા ધરાવતી કંપની બની શકે છે. હેવલેટ પેકાર્ડને તે પાછળ છોડી દેવાની તૈયારીમાં છે. તે વિશ્વમાં સૌથી વધારે કર્મચારીઓ ધરાવતી




કંપની આઈબીએમની નજીક પહોંચી શકે છે. બારતમાં તાજેતરના વર્ષોમાં સૌથી વધુ રોજગારીની તકો આ કંપનીમાં જ સર્જાઇ છે.ભારતીય સેના, ભારતીય રેલવે અને ઈન્ડિયા પોસ્ટ જેવા સરકારી વિભાગો સિવાય તે સૌથી વધુ સંખ્યા ધરાવે છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં ૧૩.૪ અબજ ડોલરની મહાકાય તાતા ગ્રુપની કંપની દ્વારા ૬૧૨૦૦ જેટલા લોકોની ભરતી કરવામાં આવી હતી. ગ્લોબલ ટેક કંપનીની વાત કરવામાં આવે તો આઈબીએમ વિશ્વમાં સૌથી વધુ ૪૩૧૨૧૨ કર્મચારીઓ ધરાવે છે. જ્યારે હાલામાં એચપીમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા ૩૧૭૫૦૦ છે. ટીસીએસામાં કર્મચારીઓની સંખ્યા ૩૦૦૪૬૪ જેટલી છે. સૌથી વધુ કર્મચારીઓ ધરાવનાર ભારતીય કંપનીઓમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડિયન ઓઈલ, તાતા મોટર્સ, એસબીઆઈ, બીએસએનએલ, કોલ ઈન્ડિયા, ઈન્ફોસીસનો સમાવેશ થાય છે.એચપીમાં વર્ષ ૨૦૧૧માં કર્મચારીઓની સંખ્યા ૩૪૯૬૦૦ હતી. જે હવે ઘટીને ૩૧૭૫૦૦ થઈ ગઈ છે.

## યજમાન બ્રાઝિલ મેક્સિકોને પછડાટ આપવા માટે તૈયાર

રિયો ડી જિનેરિયો,તા. ૧૭

ફીફા વર્લ્ડ કપમાં એક પછી રોમાંચક મેચો રમાઈ રહી છે.હવે આવતીકાલે પણ ફુટબોલ ચાહકોને કુલ ત્રણ મેચો જોવા મળશે.ગ્રુપ એચમાં રશિયાની સ્પર્ધા દક્ષિણ કોરિયા સામે થનાર છે. જ્યારે યજમાન બ્રાઝિલની મેચ મેક્સિકો સામે રમાનાર છે. ગ્રુપ એની આ મેચ પર તમામ ફુટબોલ ચાહકોની નજર રહેશે. બ્રાઝિલે પોતાની પ્રથમ મેચમાં જ ક્રોએશિયાને કારમી હાર આપીને પોતાની ઝુબેશની શાનદાર શરૂઆત કરી હતી. બ્રાઝિલના સ્ટાર ખેલાડી આવતીકાલની મેચમાં પણ જોરદાર દેખાવ કરવા તૈયાર છે. પ્રથમ મેચમાં સ્ટાર નેમાર છવાઈ ગયો હતો.આવતીકાલની મેચમાં પમ તેની પાસેથી જોરદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવે છે. જો કે મેક્સિકોની ટીમ હમેંશા દરેક ટીમ માટે પડકારરૂપ રહી છે. બ્રાઝિલ અને મેક્સિકો વચ્ચે રમાનારી મેચનુ પ્રસારણ રાત્રે ૧૨-૩૦ વાગ્યાથી કરવામાં આવશે જ્યારે રશિયા અને દક્ષિણ કોરિયા વચ્ચેની મેચનુ પ્રસારણ વહેલી પરોઢે ૩-૩૦ વાગ્યાથી કરવામાં આવશે. સોની પિક્સ પરથી તમામ મેચોનુ પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. આવતીકાલની ત્રણ મેચો પૈકીની સૌથી રોમાંચક મેચ બ્રાઝિલ અને મેક્સિકોની રહેશે. યજમાન દેશ મેદાનમાં હોવાથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવી શક્યતા છે.

### પાકિસ્તાની સેના દ્વારા કાર્યવાહી જારી

## આતંકવાદી અડ્ડાઓ ઉપર ફરી હવાઈ હુમલા : ૧૮૪ના મોત

ઈસ્લામાબાદ,તા. ૧૭

પાકિસ્તાની સેનાએ ઉત્તરીય વજિરિસ્તાનમાં યુદ્ધ વિમાનો અને ટેન્કો મારફતે જોરદાર હુમલા કર્યા છે. આ હુમલામાં ૧૮૪ તાલિબાની ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જ્યારે બીજી બાજુ એક આઈઈડી બ્લાસ્ટમાં છ સેનિકોના પણ મોત થયા છે. સેનાના પ્રવકતા મેજર જનલ આસિમ સલીમે કહ્યું છે કે હવાઈ દળના વિમાનોએ શાવલ વિસ્તારમાં ત્રાસવાદીઓના છ અડ્ડાને ટાર્ગેટ બનાવીને હુમલા કર્યા છે. આ હુમલામાં ૨૭ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ વિસ્તારમાં કોઈ નાગરિકો રહેતા નથી. તેમમે કહ્યું હતું કે ગઈકાલે દેગાન -બોયા વિસ્તારામાં કરવામાં આવેલા હુમલામાં ૧૪૦ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પૈકી મોટા બાગના ઉજબેક ત્રાસવાદીઓ હોવાની માહિતી મળી છે. બાજવાએ વધુમાં કહ્યું હતું કે, ઈસ્ટ તુરીકસ્તાન ઈસ્લામીક મુવમેન્ટ અને આની સાથે જોડાયેલા સંગઠનના અનેક આતંકવાદીઓ હાલના સમયમાં માર્યા ગયા છે. આ આતંકવાદીઓ પોતાના વિસ્તારમાં આઈડી બિછાવી રહ્યા હતા. બાજવાનું કહેવું છે કે, સૈનિકોએ ત્રાસવાદીઓના તમામ અડ્ડાઓને ઘેરી લીધા છે અને હવે ઓપરેશન ચલાવ્યું છે. છેલ્લા ઘણા દિવસથી પાકિસ્તાનમાં ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. કરાંચીમાં વિમાની મથક પર હુમલો કરીને તાલીબાને હાલમાં જ ૩૦થી વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પાકિસ્તાન સરકાર ઉપર દબાણ વધતા લશ્કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. હવાઈ હુમલાની સાથે-સાથે જમીની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. તાલીબાની ત્રાસવાદીઓમાં ખળભળાટ મચી ગયો છે. બીજી બાજુ આતંકવાદીઓ હજુ પણ આક્રમક વલણ અપનાવીને લડત ચલાવવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. પાકિસ્તાન તાલીબાને ગઈકાલે જ નિવેદન જારી કરને વિદેશી કંપનીઓને ખસી જવા સુચના આપી હતી અને કહ્યું હતું કે, હુમલામાં નુકશાન થશે તો જવાબદારી તેમની રહેશે. તાલીબાન દ્વારા ચેતવણી અપાયા બાદ ઘણી મલ્ટીનેશનલ કંપનીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પાકિસ્તાનમાં રક્તપાતનો દોર જારી રહેતા નવાઝ શરીફ સરકાર પણ દબાણ હેઠળ છે.

## અમેરિકાએ ઈરાકમાં વધુ સૈનિકો ગોઠવ્યા : હવાઈ હુમલા થશે

બગદાદ,તા.૧૭

ઈરાક પર ફરી એકવાર હવાઈ હુમલાના સંકેટના વાદળો ઘેરાઈ ગયા છે. અમેરિકાએ પાટનગર બગદાદમાં તેના દુતાવાસની રક્ષા માટે વધારાના સૈનિકો તૈનાત કરી દીધા છે. સાથે-સાથે અમેરિકા દ્વારા બંડખોરો સામે હવાઈ હુમલા કરવાની વિચારણા શરૂ કરી દીધી છે. ટૂંકમાં જ હુમલા કરવામાં આવે તેવી શકયતા દેખાઈ રહી છે. ત્રાસવાદીઓ દ્વારા કેટલાક ચાવીરૂપ શહેરો ઉપર કબ્જો જમાવી લેવામાં આવ્યા બાદ અમેરિકા હવાઈ હુમલાની તૈયારીમાં છે. ઈરાક ધ્રુવીકરણની દિશામાં વધી રહ્યું છે. ૨૦ લાખની વસ્તી ધરાવતા મહત્વના શહેર તરીકે ગણાતા મોસુલ ઉપર ત્રાસવાદીઓએ કબ્જો કરી



લીધો છે. સાથે-સાથે બગદાદના ઉત્તરીય વિસ્તારોમાં પણ કબ્જો જમાવ્યો છે. આઠ દિવસ અગાઉ જ લડાઈ શરૂ થઈ હતી. બળવાખોરોની સ્થિતિ મજબુત દેખાઈ રહી છે. પોલીસ અને સેનાના અધિકારીઓનું કહેવુ છે કે, શક્તિશાળી ઈસ્લામીક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ લેવાન્ટ (આઈએસઆઈએલ)ના નેતૃત્વમાં ત્રાસવાદીઓ દ્વારા મોટાભાગમાં સીયા બહુમતીવાળા શહેર તાલ અફાર ઉપર કબ્જો જમાવી લીધો છે. અહીં લડાઈમાં ડઝન જેટલા લોકોના મોત થયા હતા. પ્રાંતીય કાઉન્સીલના વડા કબાલને કહ્યું છે કે, ત્રાસવાદીઓ તાલઅફાર ઉપર કબ્જો જમાવ્યો છે. આસપાસના વિસ્તારો ઉપર પણ તેમનો કબ્જો છે. જોકે અમેરિકાએ હવે હવાઈ હુમલાની તૈયારી કર્યા બાદ સ્થિતિ ફરી કાબુમાં આવે તેવી શક્યતા છે. ઈરાકમાં હાલ રક્તપાતનો દોર ચાલી રહ્યો છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ જાહેરાત કરી છે કે, આશરે ૨૭૫ જવાનો બગદાદમાં દુતાવાસના રક્ષણ માટે ઈરાકમાં ગોઠવી દેવાયા છે ઉપરાંત અમેરિકી નાગરીકોની મદદ પણ કરવામાં આવનાર છે. રવિવારે જવાનો તૈનાત કરાયા બાદ હવાઈ હુમલાની વિચારણા પણ ચાલી રહી છે. ઓબામાએ આ સંદર્ભમાં નિષ્ણાંતોનો અભિપ્રાય માગ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અખાતમાં એરક્રાફ્ટ કેરીયર અમેરિકા ધરાવે છે. ૨૦૧૧માં અમેરિકી સૈનિકો ઈરાક છોડી ગયા હતા.

## દેશમાં બધા ખેડુતોને સોઈલ હેલ્થ કાર્ડ અપાશે

નવી દિલ્હી,તા. ૧૭

દેશમાં કૃષિ ઉત્પાદનને વધારવા અને કૃષિના વિકાસ માટે કેન્દ્ર સરકાર દેશભરમાં તમામ ખેડુતોને હવે સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના પર વિચારણા કરી રહી છે. આ કાર્ડમાં ખેડુતોને તમામ પ્રકારની માહિતી આપવામાં આવશે. જેમાં ખેતરો માટે જરૂરી ખાતરો, પોષક તત્વોની જરૂરીયાતો અને અન્ય બાબતોનો સમાવેશ થાય છે. ખેડુતો તેમની પાસે રહેલા સાધનોનો ઉપયોગ કરીને વધુ પ્રમાણમાં ઉત્પાદન કરી શકે તે હેતુસર આ સોઈલ હેલ્થ કાર્ડની યોજના લાવવામાં આવી રહી છે. એક કોમ્પ્યુટરાઈઝ વ્યવસ્થા વિકસિત કરવામાં આવનાર છે. સોઈલ ટેસ્ટના પરિણામોની વિગત જાળવવા લોકલ એગ્રીકલ્ચર સાઈન્સ સેન્ટરોને મંજૂરી આપીને આ વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવનાર છે. એકદમ ગ્રામીણ વિસ્તારોમાંથી નાના ખેડુતો પાસેથી પણ જમીનના નમુના લેવામાં આવનાર છે. દરેક જમીન નમુના માટે આપવામાં આવેલા એક નંબરનો ઉપયોગ કરીને ખેડુતો સોઈલ હેલ્થ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. આ રીતે ખાસ કૃષિ જમીનની માલિકી બદલવાની સ્તિતીમાં પણ આવા કાર્ડ મેળવવામાં કોઈ તકલીફ થશે નહી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત, આંધ્રપ્રદેશ, કર્ણાટક, હરિયાણા જેવા રાજ્યો થોડાક વર્ષો અગાઉ આવા કાર્ડ સફળ રીતે આપી ચુક્યા છે. જો કે મોટા ભાગના રાજ્યોમાં આ વ્યવસ્થા હજુ અમલી બની શકી નથી.

## સમાચાર ઝલક

- ચુકાદાનો તર્ક આર.ટી.આઇ. હેઠળ જાહેર ન કરી શકાય : સુપ્રીમ કોર્ટ.
- ઉત્તરપ્રદેશમાં અપરાધરાજ, ફિરોઝાબાદમાં બે પોલીસ ઇન્સ્પેક્ટરોની હત્યા, પથ્થરમારો, તંગદીલી, મૃતક પોલીસવાળાઓને મહેરની રૂએ રૂા. ૨૦ લાખની સહાય.
- પદ્મનાભ મંદિરમાં ૨૦ હજાર દુર્લભ વસ્તુઓ મળી, ૧૦૦ વર્ષ બાદ મંદિર ખુલ્યું.
- એક અઠવાડિયામાં શાકભાજીના ભાવો આસમાને.
- સમગ્ર પાકિસ્તાનમાં રેડ એલર્ટ, ત્રાસવાદીઓ સામે ઓપરેશન.
- ઇઝરાયેલે પોતાના ૩ લાપત્તા વ્યક્તિઓને છોડાવવા ૮૦ પેલેસ્ટાઇનીઓની ધરપકડ કરી, તેમાં એક સાંસદ સભ્ય પણ સામેલ.
- યમનમાં સૈનિક હોસ્પિટલની બસ પર હુમલામાં ૮નાં મોત.
- અલકાયદાની ભારતને ધમકી, કાશ્મીરને સ્વતંત્ર કરવા જેહાદીઓની ફોજ આવશે.
- ઇરાકના સંકટની અસર, ક્રૂડનો ભાવ વધી રહ્યો છે.
- પ્લાસ્ટિક પ્લેટમાં ગરમાગરમ ભોજન સ્વાસ્થ્ય માટે હાનિકારક.
- સાયલામાં દલિત યુવતીને જીવતી સળગાવી, પાણી જેવી સામાન્ય તકરારનું સ્વરૂપ.
- બ્રાઝિલ વર્લ્ડકપ જીતશે, બુકીઓની આગાહી.
- ૧લી જુલાઇથી આબકારી રાહતની મુદ્દત પૂર્ણ થતા કાર-વાહનોમાં ભાવવધારો થશે.
- કોંગ્રેસને નવું કલેવર આપવા શ્રીમતી સોનિયા ગાંધી મક્કમ.
- ભારતમાં વૃદ્ધોની સંભાળ વ્યવસ્થિત લેવાતી નથી : હેલ્થ એજ ઇન્ડિયાનું સર્વે.
- મલેરિયા ફેલાવતાં માદા મચ્છરો પેદા જ નહી થાય : એક સંશોધન.
- જૂનાગઢ-ગીર સોમનાથમાં અંધારપટ સંખ્યાબંધ ફીડરો બંધ.
- રાજયમાં ડુંગળી ઉત્પાદન સાવ તળીયે, આંખમાંથી પાણી લાવે તેવી હાલત.
- વિદેશીઓને પાકિસ્તાન છોડી જવા તાલીબાનોની ધમકી.